**જળસંપત્તિ વિભાગના તાંત્રિક અધિકારીશ્રીઓને સત્તા સોંપણી બાબત**

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
**ઠરાવ ક્રમાંક :- પરચ/૧૦૨૦૧૭/૯૭૨/એમ.આઈ.સેલ (ક-૧)**
તા. /૦૩/૨૦૨૧
1 6 MAR 2021

**સંદર્ભ:**

૧) મા. અને મ. વિભાગના ઠરાવ ક્રમાંક: પીડીબલ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧) સ, તા.૧૨/૭/૨૦૧૧ (વહીવટી મંજુરી)
૨) મા. અને મ. વિભાગના ઠરાવ ક્રમાંક: પીડીબલ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧) સ, તા.૧૨/૭/૨૦૧૧ (વહીવટી મંજુરી સિવાય અન્ય)
૩) ન.જ.સં.પા.પુ અને ક. વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૫/૨૬૨/ M.I.CELL (ક-૧) તા.૧૯/૧૧/૨૦૧૫
૪) ન.જ.સં.પા.પુ અને ક. વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૭/૯૭૨/ M.I.CELL (ક-૧) તા.૨૪/૧/૨૦૧૮
૫) ન.જ.સં.પા.પુ અને ક. વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૭/૯૭૨/M.I.CELL (ક-૧) તા.૨૫/૯/૨૦૧૯
૬) માન.રા.ક.મંત્રીશ્રી (જ.સં.)(સ્વ.હ.)ના હુકમ ક્રમાંક: આરઓબી/૧૦૨૦૧૮/૧/૬ તા.૧૩/૭/૨૦૧૮

**આમુખ :-**

ગુજરાત રાજયમાં ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ હેઠળ માર્ગ અને મકાન વિભાગ તરફથી તાંત્રિક અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ સત્તાઓ તેમના ઉપર દર્શાવેલ સંદર્ભ (૧) અને (૨) વાળા ઠરાવો દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવોમાં માર્ગ અને મકાન વિભાગ તેમજ જળસંપત્તિ વિભાગના સમાન પદ ધરાવતા અધિકારીશ્રીઓને મંજુરી આપવાની સત્તા જુદી જુદી હોવાથી જળસંપત્તિ વિભાગના વિવિધ કક્ષાના તાંત્રિક અધિકારીઓને સહ પ્રમાણ કામગીરી રહે તે હેતુસર અને યોગ્ય પ્રમાણમાં તાંત્રિક/ નાણાંકીય સત્તાઓ મળે તે સંદર્ભે જળસંપત્તિ વિભાગ દ્વારા સંદર્ભ (૪) વાળા ઠરાવથી પ્રવર્તમાન સત્તાઓમાં સુધારો કરવામાં આવેલ છે. જયારે સંદર્ભ (૫) વાળા ઠરાવથી કા.ઇ.શ્રીઓને વહિવટી મંજુરીની સત્તા સોંપવામાં આવેલ. સંદર્ભ (૬) વાળા માન.રા.ક.મંત્રીશ્રી (જળસંપત્તિ) (સ્વ.હ.) ના તા.૧૩/૦૭/૨૦૧૮ના હુકમથી તાંત્રિક અધિકારીશ્રીઓને કરેલ સત્તા સોંપણીમાં સમયમર્યાદા વધારવાની દરખાસ્ત હોય, વહીવટી મંજુરી, ટેન્ડરના જથ્થામાં વધારો-ઘટાડો તેમજ ટેન્ડરમાં ન હોય તેવી વધારાની આઇટમ માટે ફેરફારનો આદેશ કરવામાં આવેલ હતો.

જળસંપત્તિ વિભાગના સંદર્ભ (૩) વાળા ઠરાવથી જળસંપત્તિ વિભાગની યોજનાઓના કામોમાં સમયમર્યાદા વધારવા, વધારા-ઘટાડાની દરખાસ્ત, ઇજારદારોને છુટા કરવાની બાબત, વધારાની બાબત તેમજ ભાવ વધારાની દરખાસ્ત સમિતિ સમક્ષ રજુ કરવાની ઠરાવેલ છે, જયારે સંદર્ભ (૬) વાળા હુકમ મુજબ રૂ. ૫૦ લાખથી ઉપરના કામો પૂર્ણ કરવા સમયમર્યાદા વધારવાની દરખાસ્તો, રૂ. ૫૦ લાખથી વધુ રકમની ટેન્ડર આઇટમના જથ્થામાં વધારો-ઘટાડો તેમજ ટેન્ડરમાં ન હોય તેવી વધારાની આઇટમના ખર્ચની મંજુરી માટે દરખાસ્ત માન.રા.ક.મંત્રીશ્રી (જ.સં.) (સ્વ.હ.) કક્ષાએ રજુ કરવાની થાય છે. વધુમાં,

સંદર્ભ (૬)ના હુકમ મુજબ સચિવશ્રીની વહીવટી મંજુરી માટેની સત્તા રૂ.૨૦ કરોડના બદલે રૂ. ૧ થી ૫ કરોડ સુધી ઠરાવવામાં આવેલ. આમ, સંદર્ભ (૩), (૪) અને (૬) વાળા ઉક્ત ઠરાવોમાં રહેલી જોગવાઇઓની પુન: વિચારણા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે સામેલ પત્રક એનેક્ષર-૧ મુજબ સમયમર્યાદા, વહીવટી મંજુરી, ટેન્ડરના જથ્થામાં વધારો-ઘટાડો તેમજ ટેન્ડરમાં ન હોય તેવી વધારાની આઇટમ બાબતે તાંત્રિક અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ સત્તા અંગે સંદર્ભ (૩), (૪) અને (૬)ના ઠરાવોમાં કરવામાં આવેલ જોગવાઇઓમાં સુધારો કરીને સંકલિત કરીને તેમજ સંદર્ભ (૫)ની જોગવાઇનો સમાવેશ કરી જે તે તાંત્રિક અધિકારીશ્રીઓના હોદ્દા સાથે દર્શાવેલ મંજુરીઓ તથા અન્ય સત્તા સોંપણી આથી ઠરાવવામાં આવે છે.

ઉપર મુજબના ફેરફાર સિવાય સંદર્ભ (૧) અને (૨) વાળા ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે. સંદર્ભ (૩)ના ઠરાવમાં, સમયમર્યાદા વધારવાની દરખાસ્તો સિવાય સમિતિ સમક્ષ રજુ કરવાની અન્ય બાબતો યથાવત રહેશે. સંદર્ભ (૪) અને (૫) હેઠળના ઠરાવોની બાબતો પ્રસ્તુત ઠરાવમાં સંકલિત કરેલ હોઇ તે રદ કરવામાં આવે છે. જયારે સંદર્ભ (૬)ના હુકમની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

આ ઠરાવ સરકારશ્રી કક્ષાએથી તા.૦૫/૦૩/૨૦૨૧ની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**બિડાણ:** એનેક્ષર-૧

(**એસ.બી. પ્રજાપતિ**)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો.)
નર્મદા, જળસંપત્તિ, પા.પુ. અને ક. વિભાગ

**પ્રતિ,**

૧) માનનીય મુખ્યમંત્રીશ્રી (જળસંપત્તિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
૨) સચિવશ્રી (જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય
૩) સચિવશ્રી (કલ્પસર)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય
૪) સચિવશ્રી (મા.અને મ.)ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય
૫) ખાસ સચિવશ્રી (જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય
૬) ખાસ સચિવશ્રી (સૌ.વિ.)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય
૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી., સચિવાલય
૮) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય
૯) તકેદારી આયુકતશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦/બી, ગાંધીનગર
૧૦) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી., સેકટર-૧૦, ગાંધીનગર
૧૧) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, વાલ્મી, આણંદ
૧૨) નાણાકીય સલાહકાર (જ.સં), સચિવાલય
૧૩) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય
૧૪) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
૧૫) સર્વે પ્રોજેક્ટ શાખા (ક-૧, ક-૨, ક-૩, જ, એમ.આઇ.સેલ, ક-૭), સચિવાલય
૧૬) સીસ્ટમ મેનેજરશ્રી (આઇ.ટી. શાખા), ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
૧૭) સીલેકટ ફાઇલ